## વિજયાદશમી

" …
Misery shall pass abolished from the earth;
The world shall be freed from the anger of the Beast,
From the cruelty of the Titan and his pain.
There shall be peace and joy forever more."
[‘SAVITRI’ P. 507-8] – Sri Aurobindo

*

" ધરાથી ધ્વંસ પામીને દુઃખ લેશે વિદાય હા,
પશુનો ક્રોધને ક્રૌર્ય દૈત્યનું-પીડ દૈત્યની,
સર્વ એ થકી મુક્તિને પામશે જગ આ નકી.
સૃષ્ટિમાં શાંતિ આનંદ સદાકાળ જશે બની."
( આશ્રમમાં તા. ૧૧.૧૦.૫૯ વિજયાદશમીના દિને શ્રી માતાજી દ્વારા
આપવામાં આવેલો સંદેશ – ‘આશિષ પ્રસાદ’)

* * *

## શ્રી અરવિન્દની તેજોમય અનંતતામાં.

…
મનને શાંત કરી અંતરમાં ધીરે ધીરે ઊતરું છું.
શ્રી અરવિન્દને સંપૂર્ણ શાંતિમાં પ્રણામ કરું છું.
મારી અંદરનું બધું જ ધીરે ધીરે વહેતું વહેતું શ્રી અરવિન્દના ચરણે પહોંચે
છે, ત્યાં સ્થિર થઈ જાય છે.
કોઈ આંદોલન નથી –
નરી નીરવતા ફેલાયેલી છે –
અમે બે જ છીએ, એમની તેજોમય અનંતતામાં ——

– સુધા સુન્દરમ્

૬.૧૧.૧૧ ‘માતૃભવન’, અમદાવાદ
તા. ૧૦.૯.૨૦૨૪ શ્રી સુધાબેનની પ્રથમ પુણ્યતિથિએ સાદર સ્મરણાંજલિ.

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2024**
**OCTOBER**
૧ ઑક્ટોબર, ૨૦૨૪

## Work for The Mother …
## શ્રી માતાજી માટે જ કાર્ય …

A worshipped empress all once vied to serve,
She made herself the diligent serf of all,
Nor spared the labour of broom and jar and well,
Or close gentle tending or to heap the fire
Of altar and kitchen, no slight task allowed
To others that her woman's strength might do.

‘Savitri’ P. 470 – Sri Aurobindo

…
એકવારતણી આરાધિતા રાણી
હવે તો સર્વની સેવા કરનારી દાસી પોતે બની હતી,
ઝાડુએ ને ઘડે, કૂવે, કામથીએ જાતને ન બચાવતી,
કે શુશ્રૂષા અને સેવા સ્નિગ્ધ પાસે રહી એ કરતી હતી,
વેદિના ને રસોડાના અગ્નિ એ ઈંધતી હતી,
બળ જે અબળાકેરું કરવા છે સમર્થ તે
કશુંયે અન્યને માટે લેશે એ રાખતી ન ’તી.

‘સાવિત્રી’ પૃ. ૭૪૭ – અનુવાદ પૂજાલાલ

## Work for the Mother…

Work should be done for the Mother and not for oneself, – that is how one encourages the growth of the psychic being and overcomes the ego. The test is to do the work given by the Mother without *abhimān* or insistence or personal choice or prestige, – not getting hurt by anything that touches the pride, *amour-propre* or personal preference.

*   *   *

… The most effective way to get the strength you need should be to do the work consciously and scrupulously, allowing nothing to interfere with its exact discharge. If you did that, opening yourself at the same time to the Mother in your work, you would receive more constantly the grace and would come to feel her power doing the work through you; you would thus be able to live constantly with the sense of her presence.

*   *   *

Efface the stamp of ego from the heart and let the love of the Mother take its place. Cast from the mind all insistence on your personal ideas and judgements, then you will have the wisdom to understand her. Let there be no obsession of self-will, ego-drive in the action, love of personal authority, attachment to personal preference …

– Sri Aurobindo

* Compiled from 'The Mother and The Integral Yoga – Letters of Sri Aurobindo', Ed.2002

## શ્રી માતાજીને માટે કાર્ય કરો …

કાર્ય શ્રી માતાજીને માટે જ કરવું જોઈએ, નહિ કે પોતાને માટે – આ રીતે જ વ્યક્તિ ચૈત્યપુરુષનો વિકાસ સાધી શકે છે અને અહંવૃત્તિથી પર થઈ શકે છે. એની કસોટી એ છે કે શ્રી માતાજીએ સોંપેલું કોઈપણ કાર્ય અભિમાન વગર, આગ્રહ કે વ્યક્તિગત ગમા-અણગમા કે પ્રતિષ્ઠાના ભાવ વગર – અર્થાત વ્યક્તિગત ગર્વ કે પસંદગીઓનું ખંડન થતાં તેથી દુભાયા વગર કરવું જોઈએ.

*   *   *

… શ્રી માતાજીનું કાર્ય કરવા માટે તમારે જોઈતી જરૂરી શક્તિ પ્રાપ્ત કરવાનો સૌથી વધુ અસરકારક ઉપાય એ છે કે તમારે શ્રી માતાજીનું કાર્ય સભાનતાપૂર્વક અને એકનિષ્ઠ બનીને કરવું, અને તેને યથાર્થ રીતે પૂર્ણ કરવામાં તમારી કોઈપણ વૃત્તિ આડે આવવી જોઈએ નહિ. જો તમે આ રીતે કાર્ય કરવા સાથે તમારા કાર્યમાં તમારી જાતને પણ શ્રી માતાજી પ્રત્યે ખુલ્લી કરતા જશો તો તમે વધુને વધુ શ્રીમાની કૃપા પ્રાપ્ત કરશો, અને તમે અનુભવશો કે શ્રીમાની શક્તિ જ તમારા દ્વારા કાર્ય કરી રહી છે. આમ તમે સતત શ્રી માતાજીની સંન્નિધિનો ભાવ અનુભવતા રહેશો.

*   *   *

તમારા હૃદયમાંથી અહમ્‌ની છાપ ભૂંસી નાખો અને તેની જગ્યા શ્રી માતાજીના પ્રેમને લેવા દો. વ્યક્તિગત ખ્યાલો અને ધારણાઓ માટેના હઠાગ્રહોને મનમાંથી ખંખેરી નાખો; ત્યાર પછી જ તમે શ્રી માતાજીને સમજવાની પ્રજ્ઞા પ્રાપ્ત કરી શકશો. તમારામાં વ્યક્તિગત સંકલ્પ, કાર્યમાં અહંપ્રધાન વૃત્તિ, વ્યક્તિગત સત્તાનો મોહ, વ્યક્તિગત પસંદગીઓ માટેની આસક્તિ જેવાં વળગણોને કોઈ સ્થાન હોવું જોઈએ નહિ.

– શ્રી અરવિન્દ

સંકલન : શ્રી અરવિન્દના 'શ્રી માતાજી અને પૂર્ણયોગ' ઉપરના પત્રોમાંથી